ટપક E-MAGAZINE
Volume 2, Issue 3
June 2024

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થાના વાર્ષિક મિલનનું આયોજન તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ સંસ્થાની મુખ્ય કાર્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના બોર્ડ મેમ્બર્સ, કેવીકેના કૃષિ વૈજ્ઞાનિક ડો. પ્રજાપતિ, શિક્ષણવિદ્ રવજીભાઈ કાચા, દેવચંદભાઈ સાવલિયા, ભૂતપૂર્વ કાર્યકર મિત્રો, કાર્યક્ષેત્રમાંથી ખેડૂતો, મહિલાઓ અને બાળકો હાજર રહ્યા હતા. સંસ્થાના વિવિધ કાર્યક્રમોની અસરો, મુશ્કેલીઓ અને નવું શું શીખ્યા તેની રજૂઆત લાભાર્થીઓ અને ત્યારબાદ કાર્યકર મિત્રો દ્વારા થઇ. સંસ્થાની બધી ટીમો માંથી ગોંડલ ક્લસ્ટરમાં કામ કરતી ટીમને તેની વર્ષ દરમિયાનની કામગીરી અને સમગ્ર છાપના આધારે વર્ષ૨૦૨૩-૨૪ની બેસ્ટ ટીમનો અવોર્ડ સંસ્થાના પ્રમુખશ્રીના હસ્તે ટ્રોફી આપી આપવામાં આવી. INGJ૨૭ ટીમને રનર્સ અપ ટીમ તરીકે સન્માનિત કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમના અંતે સંસ્થાના ડાયરેક્ટર ધીરુભાઈ વાગડિયા દ્વારા પ્રતિભાવો મેળવવામાં આવ્યા. સાથે સાથે સંસ્થાની વાર્ષિક સાધારણ સભા અને બોર્ડ મીટીંગનું આયોજન પણ આ દિવસે કરવામાં આવ્યું હતું.








## તાલીમ અને શિક્ષણ

**સંસ્થાના કૃષિ ઉત્પાદકતા વૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગતના પ્રોજેક્ટના બધા પ્રોગ્રામ યુનિટની ત્રિમાસિક આયોજન અને સમીક્ષા મીટીંગ તા. ૨૨ જુન ૨૦૨૪ના રોજ સંસ્થાના કાર્યાલય ખાતે મળી.**







**કેવીકે અમરેલી ખાતે વાવણી પેલાની કૃષિ વિષયક પાસાઓની પ્રોગ્રામેટીક તાલીમો માટે તાલીમકારોની તાલીમનું આયોજન તા. ૧૧ જુન ૨૦૨૪નાં રોજ થયું. જેમાં સંસ્થાના પાંચેય પ્રોગ્રામ યુનિટના કાર્યકરો હાજર રહ્યા હતા અને તાલીમ મેળવી હતી.**






## આરોગ્ય અને પર્યાવરણ

**નેશનલ કોઅલીસશન ફોર નેચરલ ફાર્મિંગ દ્વારા 26મી જૂનથી 28મી જૂન 2024 દરમિયાન DSC, અમદાવાદ ખાતે ભાગીદાર સંસ્થાના કૃષિ અગ્રણીઓ માટે નેચરલ ફાર્મિંગ ટ્રાન્ઝિશન પ્રોગ્રામ પર ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી સંસ્થામાંથી કૌશિક પંડ્યા અને કોમલ ચાંડપાએ આ વર્કશોપમાં ભાગ લીધો.**







## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**જુન મહિના દરમિયાન દરેક પ્રોગ્રામ યુનિટમાં વાવણી પેલાની પ્રોગ્રામેટીક તાલીમો, બાયો કંટ્રોલ એજન્ટ યુનિટનું સ્થાપન, નેચરલ ઈનપુટ સેન્ટર તેમજ જમીન અને પાણીના સંરક્ષણ માટેની કામગીરી, કુવાઓની દેખરેખ, જમીન ચકાસણી અહેવાલોનું ખેડૂતોને વિતરણ અને માર્ગદર્શન, મજૂરોની તેમજ એલજી ગ્રુપની મીટીંગોનું આયોજન થયું.**












કોટનકનેક્ટ માંથી કેતનભાઈ સતાસિયા દ્વારા INGJ27ની ૧૯ જુન ૨૦૨૪, INGJ14ની ૨૦ જુન ૨૦૨૪, INGJ48 ની ૨૫ જુન ૨૦૨૪ તેમજ INGJ46ની ૨૬ જુન ૨૦૨૪ અને INGJ45ની ૨૭ જુન ૨૦૨૪ના રોજ સપોર્ટ વિઝીટ અને રીવ્યુ મીટીંગ લેવામાં આવી. જેમાં થયેલ કામો અને અગામી સમયમાં થનાર કામોની ચર્ચા કરવામાં આવી અને ફિલ્ડ વિઝીટ પણ કરવામાં આવી.










કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પ્રેરિત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી-અમરેલી દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત માર્ગદર્શન સેમિનારોનું આયોજન કેરીયા (૨૧ જુન ૨૦૨૪), ખાંભા (૨૫ જુન ૨૦૨૪) અને શેખ પીપરીયા (૨૭ જુન ૨૦૨૪) ના રોજ થયેલ જેમાં આપણા કાર્ય વિસ્તારની ૨૧૯ બહેનો હાજર રહી હતી. આ સેમિનારમાં ઘરેલુ હિંસા કોને કહેવાય, પારિવારિક હિંસાથી મહીલાને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૦૫, સખી વન સ્ટોપ સેન્ટર યોજના, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, મહિલાને લગતી યોજનાઓ, વહાલી દીકરી, ભરણ પોષણ, કોર્ટમાં અરજી કેમ કરવી, મહિલા સશિતકરણ, સ્ત્રી પુરુષ સમાનતા અંગે સમજ ઉભી થઇ.



**બાગાયત વિભાગ સાથે સંકલન કરી મહિલા વૃતીકા યોજના અંતર્ગત ફળ અને શાકભાજી પરીક્ષણ તાલીમોનું આયોજન કેરીયા (૨૧ જુન ૨૦૨૪) અને શેખ પીપરીયા (૨૭ જુન ૨૦૨૪) ગામોમાં થયું. જેમાં ૧૦૦ બહેનો સહભાગી થઇ હતી. તાલીમમાં તજજ્ઞો દ્વારા શાકભાજી અને ફળોની વિવિધ વાનગીઓ બનાવતા શીખવાડવામાં આવ્યું.**








**સંસ્થા સાથે ૨૦૧૮થી ખાંભા કાર્યવિસ્તારમાં જોડાયેલ કાર્યકર બહેન શિલ્પા ટાંક દ્વારા સંસ્થાની શુભેચ્છા મુલાકાત કરી સંસ્થા સાથેના તેમના સ્મરણો તેમને વાગોળ્યા હતા. તેઓ છેલ્લા ૩ મહિનાથી આંગણવાડી વર્કર તરીકે કાર્યરત છે.**





**આણંદ કૃષિ યુનિવર્સિટી અને કોટનકનેકટે સંયુક્ત રીતે ૧૧ અને ૧૨ જૂન ૨૦૨૪ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ – આણંદ ખાતે વડોદરા પ્રોજેકટની ટીમ માટે IPDM પર તાલીમકારોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.**









**કોટન કનેક્ટ ટીમે ગામોના થયેલ સર્વે પછી ટાંકા અને બુજેઠા ગામના ખેડૂતોની મુલાકાત લીધી અને ગામડાના પાક વગેરેની પ્રાથમિક માહિતી વિશે ચર્ચા કરી.**





**ગોંડલ કાર્યક્ષેત્રમાં ૧૩ ગામોમાં કુલ ૧૫ ચેકડેમના કામો પૂર્ણ થયા. કુલ રૂ.૪૭૦૬૫૨/- ના ખેડૂતોના યોગદાન સાથે ૯ ગામોમાં ૧૫૦ ફાર્મ આઉટલેટ અને ફાર્મ બંડિંગ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી. રિસોર્સ મેપિંગ અને વોટર બજેટિંગ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. આ ઉપરાંત સારી કૃષિ પદ્ધતિઓ અંગે જાગરૂકતા, આજીવિકા માટેની તાલીમો, ૧૩ ગામોની ૫૩૮ મહિલાઓને આવરીને ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા અંગેની તાલીમો જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.**
**આ ઉપરાંત નીચે પ્રમાણે ના નિદર્શનો ખેડૂતોને આપવામાં આવ્યા.**

| નિદર્શન / પ્રવૃત્તિ | ખેડૂતોની સંખ્યા |
|---|---|
| જમીન ચકાસણી | ૪૫૦ |
| મગ અને અડદના નિદર્શનો માઈક્રો ન્યુટ્રીશન તરીકે | ૪૫૦ |
| સાગરિકાના ડેમો | ૧૦૦ |
| હાઇડ્રોજેલ | ૨૦૦ |
| સીડ ટ્રીટમેન્ટની દવા | ૨૦૦ |
| પશુઓ માટે મિનરલ બ્રીક્ષ, કૃમિનાશક ગોળી અને બાહ્ય જીવાતની દવા | ૪૦૦ |
| ૯૧ ખેડૂતોને આંબાની કલમો | ૧૫૫૦ |
| HDP પધ્ધતિથી કપાસનું વાવેતર ડેમો | ૨૫ |













E-MAGAZINE
Volume 2, Issue 3
June 2024
















Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org